ગાંધીનગર સમાચાર

ગાંધીનગર **તાપમાન**

મહત્તમ : ૨૮.૮ ડીગ્રી
લઘુતમ : ૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૫૩ ટકા

# કુડાસણમાં બાંધકામ સાઈટ પર ભેખડ ધસી પડતા એકનું મોત





ગાંધીનગર, તા.૩૧

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલી એક બાંધકામ સાઈટ પર આજે બપોરના સુમારે અચાનક ભેખડ ધસી પડતા એક મજુરનું મોત થયું છે અને એક મજુરને સામાન્ય ઈજા પહોંચી છે. જયારે ભેખડ ધસી પડવાનો કોલ ફાયર બ્રિગેડને મળતા તાત્કાલીક અસરથી ફાયરની ટીમ જવાનો સાથે ત્યાં સ્થળ પર પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલી શ્રીફલ હાઈટ્સની બાજુમાં નિર્માણ પામી રહેલી કેશવ આરાધ્યમનું કામ ચાલી રહ્યું છે તે દરમિયાન આ બનાવ બનવા પામ્યો છે. આજે બપોરના ૩.૩૦ કલાકના અરસામાં નીચે સેન્ટીંગનું કામકાજ ચાલી રહ્યું હતું અને મજુરો કામ કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક ભેખડ ધસી પડતા બે મજુર દટાયા હતા. આ ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા તાત્કાલીક ફાયરની ટીમ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ત્યારે એક મજુર કમરના ભાગ સુધી દબાઈ જતા તાત્કાલીક બહાર નીકાળી દીધો હતો. જેને સામાન્ય ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. ત્યારબાદ ફાયરની ટીમે અંદર દબાઈ ગયેલા બીજા મજુરને બચાવવા માટે રેસ્કયુ કામગીરી કરી હતી. જેમાં માટી હટાવવામાં ભારે મહેનત લાગ્યા બાદ ફાયરની ટીમે રજનભાઈ નાનાભાઈ બારીયા (ઉં.વ.૨૮ રહે. સાદોરા, તા. દેવગઢ બારીયા, જી. પંચમહાલ)ને બહાર કાઢી તુરંત એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. જો કે માથા તેમજ શરીરે ગંભીર ઈજાગ્રસ્ત બનેલા આ શ્રમિક યુવાનનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ‘થર્ટી ફર્સ્ટ’ને પગલે સાંજથી જ ટ્રાફિકની જમાવટ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં ‘થર્ટી ફર્સ્ટ’ને અનુલક્ષીને સાંજે ૬ વાગ્યાથી જ ટ્રાફિકમાં ભારે ચહલપહલ જોવા મળી હતી. આ સાથે સાંજના ૮ વાગ્યા સુધીમાં તો એસ.જી. રોડને જોડતા તમામ ક્રોસ રોડ પર વિશેષ ટ્રાફિક નિયમન કરવું પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.

શહેરમાં થર્ટી ફર્સ્ટની ઈવેન્ટસના મોટા પાયે આયોજનો હાથ ધરાયા હતા જેમાં કુડાસણ, સરગાસણ, ક-૭ સર્કલ સહિત એસજી હાઈવે અને એરપોર્ટ મોડ પરની હોટલ્સ, રિસોર્ટસ તથા પાર્ટી પ્લોટસ પર ડાન્સ ડીજેના આયોજન જોવા મળ્યા હતા. વર્ષ ૨૦૧૯ને આવકારવા ડીજે ડાન્સ પાર્ટીની મોજ માણવા શહેરનું યુવા ધન હિલોળે ચઢયું હતું અને સાંજે વાહનો લઈ ડાન્સ પાર્ટીના સ્થળો તરફ ધસી ગયા હતા જેને પગલે આ વિસ્તારોના માર્ગો પર સાંજના સમયથી જ હેવી ટ્રાફિક જોવા મળ્યો હતો. ભારે ટ્રાફિકના પગલે પોલીસે પણ વિશેષ પગલાં લેવા પડયા હતા. ઉલ્લેખનીય છે કે સંસ્કાર નગરી ગણાતા ગાંધીનગરમાં પણ હવે થર્ટી ફર્સ્ટની ડીજે ડાન્સ પાર્ટી માણવાનો ક્રેઝ ખુબ વધી ગયેલો જોવા મળી રહ્યો છે અને શહેરના યુવાનોએ ડાન્સ સાથે ગરબા વગેરેનો પણ આનંદ માણી નવા વર્ષને આવકારવા તત્પર બન્યા હતા.

## કોલવડાથી નાસતો ફરતો આરોપી પકડાયો

ગાંધીનગર, તા.૩૧

પાટણ શહેર બી ડીવીઝનમાં નોંધાયેલા છેંતરપીડીના ગુનામાં છેલ્લા ૧૦ માસથી નાસતા ફરતા મુળ પઢારીયાનો વિષ્ણુજી ઉર્ફે રાજદીપસિંહ ગાંડાજી ચાવડા આરોપીને ગાંધીનગર એલસીબી પોલીસે કોમ્બીંગ નાઈટ દરમિયાન શહેરને અડીને આવેલા કોલવડા ગામથી પકડી પાડ્યો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ૩૧ ડિસેમ્બરને અનુલક્ષીને જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ કોમ્બીંગ નાઈટનું આયોજન કર્યું હતું. જેને પગલે પોલીસ ઈન્સ્પેકટર ટી.આર.ભટ્ટ પોતાની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કિરીટકુમાર જેઠાભાઈ અને કોન્સ્ટેબલ ભવાનસિંહ બાબુજીને બાતમી મળી હતી કે પાટણ સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેંતરપિંડીના ગુનામાં નાસતો ફરતો આરોપી કોલવડા ખાતે પોતાના ઘરે છે. જેના આધારે પોલીસે કોલવડામાં વાઘેલા વાસમાં રહેતા ચાવડા વિષ્ણુજી ઉર્ફે રાજદિપસિંહ ગાંડાજીને પકડી પાડ્યો હતો. તેની ઉંડાણ પૂર્વક પુછપરછ કરતા પોતે છેંતરપીંડીના ગુનામાં દશેક માસથી નાસતો ફરતો હોવાનું જાણવા મળ્યું છે. જેથી એલસીબી પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ કલબ દ્વારા કુડાસણની વિશેષ એજયુકેશનના મનોદિવ્યાંગ બાળકો સાથે થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવાનો ‘હેપ્પી થર્ટી ફર્સ્ટ’ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ શિવ ઈવેન્ટસ તથા બ્લેક પોઝીશન આયોજિત સ્પાઈસી સ્ટ્રીટ ખાતેની સ્કેરી નાઈટ ડીજે ડાન્સ પાર્ટીના ગ્રાઉન્ડમાં આયોજિત થયો હતો. જેમાં વિશેષના ‘સ્પેશિયલ’ બાળકો સાથે યુવાનોએ ‘સ્પેશિયલ થર્ટી ફર્સ્ટ’ ઉજવી તેમને નૂતન વર્ષની પૂર્વ સંધ્યાએ ‘હેપ્પી’ કર્યા હતા.

## વિનયન કોલેજના વિદ્યાર્થીએ નેશનલ પ્રતિયોગિતામાં જીત હાસિલ કરી

ગાંધીનગર, તા.૩૧

તાજેતરમાં ૧૦ નેશનલ થાઈ બોકસીંગ ચેમ્પિયશિપ યોજાઈ હતી. જેમાં સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગરના વિદ્યાર્થી હર્ષદીપસિંહ ગોહિલે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો અને આ રમતવીરે કોલેજને ગૌરવ અપાવ્યું જે બદલ કોલેજના આચાર્ય ડૉ.હિમ્મત ભાલોડીયા તથા કોલેજ સ્ટાફ અને પી.ટી.આઈ. એ જી પટેલે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને ઉજજવળ ભવિષ્યની શુભેચ્છા આપી હતી.

## ઉજવણી ૨૦૧૮ થકી હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડશને નવા વર્ષનું સ્વાગત કર્યું




ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં છેલ્લા ૪ વર્ષથી હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા નવા વર્ષની ઉજવણી કંઈક અલગ રીતે કરવામાં આવે છે તેમાં ગ્રુપના યુવાનો નવા વર્ષનું સ્વાગત કલબમાં પાર્ટી કરવાની જગ્યાએ ગાંધીનગરની આસપાસ આવેલા વૃધ્ધાશ્રમના વૃધ્ધો, અનાથ આશ્રમના બાળકો અને ખાસ બાળકો સાથે સમય વિતાવીને કરે છે. જેમાં તેઓ આ બધી સંસ્થાના ૭૦૦ જેટલા વ્યકિતઓને એક સાથે એક જગ્યાએ ભેગા કરીને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરીને તેમના ચહેરા પર સ્મિત રેલાવે છે. જેમાં આ વર્ષે હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન એ બાળકોને સંગીત ખુરશી જેવી રમત તથા જાણીતી ગાયિકા સરલાદવેના લાઈવ ગરબાનું આયોજન કર્યું હતું અને વૃધ્ધો તથા બાળકો સાથે ખુબ મોજ કરી હતી અને વિજેતા થયેલ બાળકો તથા આવેલ તમામ સંસ્થાના બાળકોને ભણતરને લગતી ગિફટ આપવામાં આવી હતી અંતે જમાડવામાં આવ્યા હતા અને ગાંધીનગરની આસપાસ આવેલ ઝુંપડપટ્ટી વિસ્તારમાં ૬૦૦ માણસનું જમવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે યુવાનોને ઈટરેશન ટેકનોલોજી, માયરા ફાઈનાન્સ તથા વિહાન ઓવરસીઝનો આર્થિક સહકાર પ્રાપ્ત થયો હતો.

## પ્રેક્ષાભારતી કોબા ખાતે યોજાશે ગરીબ કલ્યાણ મેળો

### ૩જી જાન્યુઆરીએ યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં ૩ હજાર જેટલા લાભાર્થીઓને સાધન-સહાયનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૩૧

સમગ્ર રાજયમાં આગામી તા. ૩ થી ૫ જાન્યુઆરી, ૨૦૧૯ દરમ્યાન ગરીબ કલ્યાણ મેળા યોજાનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા. ૩ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ ગરીબ કલ્યાણ મેળો પ્રેક્ષાભારતી, કોબા ખાતે યોજાશે. આ મેળામાં અધ્યક્ષ સ્થાને શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર અને આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન ઉપસ્થિત રહેશે.

રાજય સરકાર દ્વારા સાચા લાભાર્થીઓને વિવિધ સાધન-સહાય યોજનાનો લાભ હાથોહાથ મળી રહે તેવા ઉમદા આશયથી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક દાયકાથી યોજાતા ગરીબ કલ્યાણ મેળા થકી ૧,૯૩,૮૦૨ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ થકી ૨૭,૪૩૩ લાખ રૂપિયાની સાધન- સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. જેના થકી અનેક દરિદ્ર નારાયણ પોતાની રીતે પગભર પણ બન્યા છે.

પ્રેક્ષા ભારતી ખાતે યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના સુચારું આયોજન અર્થે આજરોજ નિવાસી અધિક કલેકટર એચ.એમ.જાડેજાની ઉપસ્થિતમાં બેઠક યોજાઈ હતી. તેમણે યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના સુચારું આયોજન અને લાભાર્થીઓની આંકડાકીય વિગતો વિવિધ કચેરીઓના અધિકારીઓ પાસેથી મેળવી હતી. તે ઉપરાંત ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓની બેઠક વ્યવસ્થા સાથે સાથે અન્ય સુવિધાઓની પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પ્રેક્ષા ભારતી ખાતે યોજાનાર મેળામાં ગાંધીનગર જિલ્લાના ત્રણ હજાર જેટલા લાભાર્થીઓને વિવિધ યોજના અંતર્ગત સાધન-સહાય ચુકવવામાં આવશે. આ બેઠકમાં જિલ્લાની સંબંધિત કચેરીઓના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## પંચદેવ મંદિરે દીપમાળા થકી ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સ ૨૦૧૯નું સ્વાગત કરશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરની ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સ સંસ્થા દ્વારા નવા વર્ષનો આવકારવા ભારતીય સંસ્કૃતિ અનુસાર સેકટર-૨૨માં પંચદેવ મંદિર ખાતે દીપમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે નવા વર્ષના સૂર્યના પ્રથમ કિરણોને શાસ્ત્રોકત શ્લોકોના ઉચ્ચાર સાથે વધાવવા સવારે ૭ કલાકે પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ‘લેટસ સેલિબ્રેટસ બ્રાઈટનેસ, નોટ ડાર્કનેસ’ થીમ આધારિત યોજવામાં આવ્યો છે.

સમગ્ર વિશ્વમાં હવે અંગ્રેજી કેલેન્ડર સર્વમાન્ય બનવા પામી રહ્યું છે. તે જ રીતે ભારતમાં પણ અંગ્રેજી નૂતન વર્ષને આવકારવા સમગ્ર દેશમાં વિવિધ આયોજનો કરવામાં આવે છે. ગાંધીનગર અમદાવાદમાં થર્ટી ફર્સ્ટની નાઈટ ડીજે ડાન્સ પાર્ટી સાથે યુવાધન નવા વર્ષને આવકારે છે જે અંતર્ગત શહેરમાં વિવિધ આયોજનો જોવા મળી રહ્યા છે પરંતુ શહેરની સ્વૈચ્છિક સંસ્થા ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સ દ્વારા નૂતનવર્ષ ૨૦૧૯નો આવકારવા છેલ્લા બે વર્ષથી અનોખી પધ્ધતિ અપનાવવામાં આવી રહી છે. આ અન્વયે સંસ્થા દ્વારા શહેરના પંચદેવ મંદિર ખાતે નવા વર્ષની સવારે સૂર્યના પ્રથમ કિરણોને દીપમાળા તથા પ્રાર્થના સાથે સત્કારવામાં આવશે. આ અંતર્ગત ‘લેટસ સેલિબ્રેટ લાઈટનેસ, નોટ ડાર્કનેસ’ થીમ આધારિત આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વડીલો, વિદ્યાર્થીઓ, સામાજિક-ધાર્મિક અગ્રણીઓ તથા સંસ્થાના સભ્યો જોડાશે.

## કવિ શૈલેષ પંડયા ‘ભિનાશ’ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસથી સન્માનિત

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લાના કલોલના રહેવાસી તેમજ ગુજરાત ટેલિવિઝન પ્રા. લિ. જીટીપીએલના ગુજરાતી ચેનલના કાર્યક્રમ નિર્માતા કવિ શૈલેષ પંડયા ‘ભિનાશ’ને હરિયાણાના ફરીદાબાદ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં ‘ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ ૨૦૧૮’થી નવાજવામાં આવ્યા છે. આ એવોર્ડ થકી તેમણે ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

જીટીપીએલ ચેનલના કાર્યક્રમોમાં કાવ્ય રસ તેમજ ખડૂત તથા ખેતી લક્ષી કાર્યક્રમના નિર્માણ માટે જે વ્યકિતગત વિક્રમો સર્જયા છે તે અંતર્ગત ‘મોસ્ટ રોલ પ્લેડ ઈન કાવ્યરસ પ્રોગ્રામ’ કેટેગરીમાં શૈલેષ પંડયા ‘ભિનાશ’ને સન્માનવામાં આવ્યા છે. શૈલેષ પંડયાએ ‘કાવ્ય રસ’ કાર્યક્રમના ૧૨૭ હપ્તાના નિર્માણમાં રાજયના જાણીતા અને નવોદિત કવિઓના કાવ્યપઠન, મુલાકાત, નાટય રૂપાતંર, દસ્તાવેજી ફિલ્મસ, સાહિત્યિક ચર્ચા જેવા કાર્યક્રમો આયોજિત કર્યા છે. તેમણે ખેતી વિષય કાર્યક્રમમાં કુલ ૧૬૩ હપ્તામાં ૪૧ નાટકીય અને ૧૨૨ નિષ્ણાંતો સાથેના સંવાદ-વાર્તાલાપ જેવા કાર્યક્રમો યોજયા છે. આ ઉપરાંત પણ તેમણે સ્વરસંગમ યાત્રા, કરીએ વાતો મા-બાપની, સ્પંદન જેવા કાર્યક્રમો આયોજિત કર્યા છે. કવિ શૈલેષ પંડયા ‘ભિનાશ’ ને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ ૨૦૧૮થી સન્માનવામાં આવતા સાહિત્ય આલમમાં આનંદનું મોજું પ્રસર્યું છે. તેઓ અગાઉ પણ અનેક પારિતોષિક પ્રાપ્ત કરી ચુકયા છે.

## બી.એડ. કોલેજ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સે-૨૩ ખાતે મિડિયેશન અવેરનેશ પ્રોગ્રામ યોજાયો



જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે સેકટર-૨૩ સ્થિત ફેકલ્ટી ઓફ એજયુકેશન ની બી.એડ. કોલેજ કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા મિડિયેશન અવેરનેશ (મધ્યસ્થીકરણ) સમયની માંગ અંકે એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરાલીગલ વોલન્ટીયર અને નામદાર હાઈકોર્ટ ગુજરાત દ્વારા ટ્રેઈનીંગ પ્રાપ્ત મિડિયેટર સુધીરભાઈ દેસાઈ દ્વારા મિડિયશન કોર્ટ બહાર કેસોના સમાધાન થઈ શકે તે અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. ભવિષ્યના શિક્ષકો તાલીમાર્થી જે સમાજના ઘડવૈયા કહી શકાય તેઓને સમગ્ર માહિતી અને માર્ગદર્શન પુરું પાડયું હતું. આ કાર્યક્રમમાં ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન ડૉ. વિણાબેન પટેલ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ ડૉ. જિજ્ઞાશાબેન જોશી અને ઈંગ્લીશ મિડિયમના એચ.ઓ.ડી. ડૉ. કુસુમબેન યાદવ વગેરે હાજર રહ્યા હતા.

## દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા સતત ત્રીજા વર્ષે મોડેલ યુનાઈટેડ નેશન્સનું આયોજન




ગાંધીનગર, તા.૩૧

વિદ્યાર્થીઓમાં સામ્પ્રત રાજકીય, સામાજિક, આર્થિક વિષયો પરત્વે પ્રભુત્વ વધે, તેમની વાકછટા અને અભિવ્યકિત વિકસે તે માટે દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગર દ્વારા ‘મોડેલ યુનાઈટેડ નેશન્સ’ (MUN) નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં ૧૬૦ જેટલા ડેલીગેટસ (વિદ્યાર્થીઓએ) ભાગ લીધો હતો. ધારા ૩૭૭, નકસલવાદ, માનવ અધિકારો જેવા ગંભીર અને સામ્પ્રત વિષયો પર વિદ્યાર્થીઓએ પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા હતા.

કાર્યક્રમના અંતે શાળાના આચાર્યા અતનુ રથે ‘બેસ્ટ ડેલીગેટ’, ‘હાઈકમાન્ડેશન’, ‘સ્પેશયલ મેન્શન’ જેવા એવોર્ડ આપીને વિદ્યાર્થીઓને વધુમાં વધુ આવી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ નેતૃત્વના ગુણો અર્જિત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.



વાવોલની દ્વારકેશ રેસીડેન્સીમાં બાળકો દ્વારા સતત બીજા વર્ષે ચેરિટી કેન્ટિન ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં બાળકોએ પોતાના ખિસ્સા ખર્ચમાંથી બચાવેલી રકમના ઉપયોગ વડે સામગ્રી ખરીદી વિવિધ ચટાકેદાર વાનગીઓ બનાવી હતી અને તેનું વેચાણ કર્યું હતું. સોસાયટીના રહીશોએ બાળકોને ઉમળકાભેર પ્રતિસાદ આપી આ વાનગીઓની મોજ માણી હતી. ચેરિટી કેન્ટિન ડેમાં વાનગીઓના વેચાણથી એકત્ર થયેલ નાણાનો ઉપયોગ બાળકો દ્વારા આગામી દિવસોમાં જરૂરિયાતમંદ વર્ગના બાળકોને મદદરૂપ થવા માટે વાપરવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ દ્વારકેશ રેસિડેન્સીના બાળકોએ કેન્ટિન ડે ઉજવી તેની આવકને આ પ્રમાણે સેવા કાર્યમાં વાપરી પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું હતું. આ કેન્ટિન ડેમાં સોસાયટીના બાળકો મૈત્રી, બરખા, સાક્ષી, સ્મિત, શુભમ્, શિવમ કોળી અને શિવમ્ ઉપાધ્યાય વગેરેએ ભાગ લીધો હતો.